Publication: Gujarat Samachar| Edition: Ahmedabad
Date: June 05, 2023| Page No: 16|Food & Agriculture
Headline: In the last two years not a single farmer in Gujarat got benefit of bijgram scheme

### નકલી બીજનો કારોબાર ધમધમી રહ્યો છે છતાં સરકાર ચૂપ

# બે વર્ષમાં ગુજરાતના એકેય ખેડૂતને બીજગ્રામ યોજનાનો લાભ મળ્યો નહીં

અમદાવાદ, રવિવાર

ખેડૂતોને ગુણવત્તાસભર બીજ મળી રહે અને પાક ઉત્પાદનમાં વધારો થાય તે હેતુસર શરૂ કરાયેલી બીજગ્રામ(સિડવિલેજ) યોજના ગુજરાતમાં હાલ માત્ર કાગળ પરચાલી રહી છે. રાજ્યમાં અસંખ્ય ખેડૂતો નકલી બીજનો ભોગ બની આર્થિક નુકશાન વેઠી રહ્યા છેછતાંય કૃષિ વિભાગ અને સરકાર આંખે પાટા બાંધીને બેઠી છે. આ સંજોગોમાં છેલ્લા બે વર્ષથી ગુજરાતના એકેય ખેડૂતને બીજગ્રામ યોજનાનો લાભ સુધ્ધાં મળ્યો નથી.

## ખેડૂતોને ગુણવત્તાયુક્ત બીજ મળે તે માટેની બીજગ્રામ યોજના અધ્ધરતાલ, કૃષિ વિભાગે કેન્દ્રને દરખાસ્ત ન મોકલી

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૪માં સિડવિલેજ (બીજગ્રામ) યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ ખેડૂતોને સારી ગુણવત્તાના બીજ અને બીજરોપણ માટેના સાધનો આપવામાં નક્કી કરાયુ હતું. વર્ષ ૨૦૧૪માં જ ગુજરાતના ૧૧૦૫૨ ખેડૂતોએ આ યોજનાનો લાભ મેળવ્યો હતો. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ગુજરાતમાં કુલ મળીને ૩૭,૦૪૯ ખેડૂતોને લાભ મળ્યો છે.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયના મતે, પાડોશી રાજ્ય રાજસ્થાન, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ,

(અનુસંધાન છઠ્ઠે પાને)

### બીજગ્રામ યોજનામાં ગુજરાતના કેટલા ખેડૂતોને લાભ મળ્યો

| વર્ષ | ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪ | ૧૧૦૫૨ |
| ૨૦૧૫ | ૧૨૨૩ |
| ૨૦૧૬ | --- |
| ૨૦૧૭ | --- |
| ૨૦૧૮ | ૧૮૪૯ |
| ૨૦૧૯ | ૭૩૦૧ |
| ૨૦૨૦ | ૧૫૯૮૪ |
| ૨૦૨૧ | ---- |
| ૨૦૨૨ | ---- |

### ગુજરાતમાં ચાર હજાર કરોડનો નકલી બીજનો કારોબાર

રાજ્યમાં આજે બીજ બુટલેગરોને મોકળુ મેદાન મળ્યુ છે. રાજ્યમાં બીટી કપાસ, મગફળી, તલ, દિવેલા સહિત અન્ય પાકના નકલી બીજ પધરાવી મોટી કમાણી કરી રહ્યા છે. ગુજરાતમાં આજે કૃષિ યુનિવર્સિટીઓમાં બીંજના સંશોધન માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે પણ સંશોધન કરનારાઓની કમી છે જેથી આખુય માળખુ મરણપથારીએ છે. ખાનગી બીજ ઉત્પાદકો મેદાને છે. આ પરિસ્થિતીને કારણે નકલી બીજનો કારોબાર ફુલી ફાલી રહ્યો છે. વર્ષ દહાડે ચાર હજાર કરોડનુ નકલી બિયારણ ગુજરાતમાં વેચાઈ રહ્યુ છે. અનેક ફરિયાદો છતાંય સરકાર અને કૃષિ વિભાગના પેટનું પાણી હાલતુ નથી. મહત્વની વાત તો એછેકે, અનેક ફરિયાદો છતાં કૃષિ અધિકારીઓ નકલી બીજના પેકેટની તપાસ કરવા તૈયાર નથી.